સાબરકાંઠા જિલ્લામાં નવરાત્રીની તૈયારીઓને આખરી ઓપ અપાયો

હિંમતનગર, તા. ૧૪

નવરાત્રી મંગળવારથી શરૂ થઈ રહી છે ત્યારે હિંમતનગર સહિત સાબરકાંઠા જિલ્લામાં રવિવારના રોજ વિવિધ મંડળો અને મંદિરોના ટ્રસ્ટીઓ સભ્યો મન મૂકીને સવારથી જ મા અંબાની નવ નોરતાની તૈયારીઓમાં કામે લાગી ગયા હતા. હિંમતનગર શહેરના વિવિધ વિસ્તારોમાં ૨૫ થી વધુ જગ્યાએ નોરતાની ઉજવણી કરાય છે. જેમાં હિંમતનગરના પોલોગ્રાઉન્ડમાં અલકાપુરી, મહાકાલી મંદિર કુંડ, રાજેન્દ્રબાગ મહાકાલી મંદિર, મહેતાપુરમાં રામજી મંદિર, ગાયત્રી મંદિર સિદ્ધાર્થનગર, બ્રહ્માણીનગર, ઝરણેશ્વર મંદિર, બજાર વિસ્તારમાં માં મંદિર ખાડિયા, હરિસિદ્ધિ માતાજી મંદિર, જવાલા માતાજીના મંદિર, મહાવીરનગર વિસ્તારમાં ગોકુલનગર, પંચદેવ મંદિર, મહાકાલી મંદિર, જીલ્લા પંચાયત પાસે મહાકાલી મંદિર, છાપરિયા વિસ્તારમાં મહાકાલી મંદિર સહિત વિવિધ જગ્યાએ નવરાત્રીની તૈયારીઓને આખરી ઓપ અપાયો હતો. બીજી તરફ ઢોલ બનાવનારાઓને ઢોલ ખરીદી અને રીપેરીંગ કરાવવા માટેની પણ આજે ભીડ જામી. જ્યારે ગરબે હીંડોળા લેનાર યુવતીઓએ પણ રવિવારનો લાભ લઈ ચણીયા ચોલી અને દાંડિયાની ખરીદી પણ કરવાનું ચુકયા ન હતા. અને નવરાત્રીમાં કઈક નવુંરજુ કરવા માટે નાનાથી માંડીને મોટા ખેલૈયાઓ પણ સ્ટેપ્સની પ્રેકટીસ કરવામાં જોડાઈ પણ ગયા હતા.

હું તમારી સાથે છું ... (તસવીર : મગનજી વણઝારા, હિંમતનગર)

ગુજરાત પરિવર્તન પાર્ટીના મુખીયા કેશુબાપા પરિવર્તન યાત્રા લઈને ગામે ગામ ફરી રહયા છે. પરિવર્તન યાત્રા સાબરકાંઠા જિલ્લાના મુખ્ય મથક હિંમતનગર ખાતે આવી પહોંચતા લોકોએ કેશુબાપાનું ઉમળકા ભેર સ્વાગત કર્યુ હતું. ઉત્સવ પાર્ટ પ્લોટ ખાતે ઉપસ્થિત જનમેદનીને સંબોધતા કેશબાપાએ જણાવ્યુ હતું કે પરિવર્તનથી કરીએ વિકાસ, હું તમારી સાથે છું, મુખ્યમંત્રી નરેન્દ્ર મોદી ઉપર ચાબખા મારતા તેમણે જણાવ્યું હતું કે હંમેશા હેલીકોપ્ટરમાં ઉડતા મુખ્યમંત્રીના પગ તળેથી ધરતી ખસી રહી છે. જેથી તેઓ હવે કારમાં ફરી રહયા છે.

પ્રાંતિજની યોગેશ્વર સોસાયટીમાં લટકતા વીજ તારોથી રહિશો ભારે પરેશાન

(તસવીર : સંજય રાવલ, પ્રાંતિજ)

ખુલ્લામાં લટકતા વીજ તારોથી કરંટ લાગવાના બનાવો તથા ઈલેટ્રોનિક સાધનો બંધ થઈ જવાના બનાવો બને છે

પ્રાંતિજ, તા.૧૪

પ્રાંતિજ તાલુકાના એપ્રોચ રોડ ઉપર આવેલ યોગેશ્વર સોસાયટીમાં વીજ તંત્રની બેદરકારીથી ખુલ્લા લટકતા વીજ તારો ભારે અકસ્માતને નોતરૂ આપશે તેવા ભયના ઓથાર નીચે જીવી રહ્યા છે. ત્યારે વીજ તંત્ર આ મામલે તાત્કાલિક સ્થળની મુલાકાત લઈ ખુલ્લા વીજ તારોનું રીપેરીંગ કામ કરાવે તેવી રહીશો માંગ કરી રહ્યા છે.

મળતી માહિતી અનુસાર પ્રાંતિજ તાલુકામાં એપ્રોચ રોડ પર આવેલ યોગેશ્વર સોસાયટીમાં છેલ્લા દોઢેક માસથી વીજળીના તારો લટકતા થઈ ગયા છે. થોડોક પણ પવન ફુંકાતા વીજળીના તારોમાં સ્પાર્ક થઈ મોટા ધડાકા સાથે વીજળી ડુલ થઈ જાય છે અને ટીવી, ફ્રીઝ, કોમ્પ્યૂટર જેવા ઈલેક્ટ્રોનિક સાધનોને ભારે નુકશાન થાય છે. આ લટકતા વીજ તારોની નીચેથી પસાર થતા મોટા વાહનો પસાર થાય છે તેથી વાહનોમાં પણ કરંટ આવે છે. ઘણી વખત અજાણ્યા રાહદારીઓને પણ કરંટ લાગવાના કિસ્સાઓ બની ચુકયા છે. ત્યારે આગામી સમયમાં આ લટકતા વીજ તારો કોઈ મોટી જાન હાની ન સર્જે તેવી ચિંતામાં મુકાઈ ગયા છે અને કોઈ મોટી સમસ્યા અથવા ઘટના ન ઘટે તે માટે તાત્કાલિક ધોરણે વીજ તંત્રના અધિકારીઓ સ્થળની મુલાકાત લઈ લટકતા તારોનું રીપેરીંગ કરાવે તેવી ઉગ્ર માંગ કરી રહ્યા છે.

પાલનપુર નવરાત્રીના મહા ઉત્સવ માટે સજ્જ

ખેલૈયાઓ નવા સ્ટેપ શીખી તૈયાર : ચણીયાચોળી, ઓર્નામેન્ટમાં ધરાકી

પાલનપુર, તા. ૧૪

શક્તિ ભક્તિનું પાવન પર્વ એટલે જગતજનની મા જગદંબાની સેવા પૂજા અને ગરબા માટે સૌથી મોટો હિન્દુસ્તાન ધર્મનો મહા ઉત્સવ નવરાત્રી રૂમ ઝુમ કરતી આવી પહોંચી છે.

ગુજરાતની ઓળખ એટલે જે ગરબા ત્યારે નવરાત્રી માટે સમગ્ર બનાસકાંઠા જિલ્લો અને તેમાંય ૫૧ શક્તિપીઠોમાંનું એક અંબાજી યાત્રાધામ માનું મંદિર સુવર્ણ શીખરોથી રંગબેરંગી રોશનીથી ઝગમગ ઝગમગ થઈ રહ્યું છે.

જિલ્લાના વડામથક પાલનપુર શહેર ડીસા શહેર સહીત ધાનેરા, થરાદ, ભાભર, થરા, શિહોરી, દાંતા, વડગામ, દાંતીવાડા, ચંડીસર, ગઢ, છાપી, કાણોદર, જલોત્રા, પાંથાવાડા, કુચાવાડા, કીંમત, વાવ અને સરહદી સુઈગામ સર્વત્ર વસતા લોકો મા ના પાવન પર્વ નવરાત્રી ઉજવવા સજ્જ બની ગયા છે.

જેમાં પાલનપુર શહેરમાં જાહેર ગરબાઓ સાથે આબુ હાઈવે પર પાર્ટી પ્લોટોના નવરાત્રી ઉજવવા માટેની તૈયારીઓ અંતિમ ચરણોમાં પહોંચી છે. શહેરના જાહેર ગરબાઓમાં નવા વર્ષના હોદ્દેદારોની વરણી બાદ નવ દિવસ માટે મ્યુઝીક ઓરકેસ્ટ્રા, ડીજે અને સંગીતની જુદી જુદી ટીમોનું બુકીંગ અનેતેની સાથે સાથે સુરક્ષા માટે સિક્યુરીટીની પણ વ્યવસ્થા કરાઈ છે ત્યારે બીજી બાજુ જિલ્લાનું પોલીસતંત્ર પણ અસામાજિક તત્વો પર અંકુશ રાખવા માટે સજ્જ બની ગયું છે.

(તસવીર : હરેશ જી. જોષી, પાલનપુર)

આ અંગે વિશેષ મુલાકાતોમાં એસ.પી. અશોક યાદવે જણાવેલ કે, પાલનપુર, ડીસા સહીત ખાસ યાત્રાધામ અંબાજીમાં સુરક્ષામાં વિશેષ વ્યવસ્થાના ભાગરૂપે સુરક્ષા એજન્સીઓને સ્ટેન્ડ ટુ કરવામાં આવેલ છે.

પાલનપુર ડીસા સહીત ચાલતા જુદા જુદા ડાન્સ કલાસીસમાં અવનવા આધુનિકસ્ટેપ શીખવા ભુલકાઓ યુવતીઓ યુવાનો છેલ્લા એક મહિનાથી પ્રેકટીસ કરી નવરાત્રી દરમ્યાન ઈનામો લેવા અને શ્રેષ્ઠ રીતે ગરબે ઘુમવા સજ્જ બન્યા છે.

ગરબે ઘુમતી યુવતીઓની સુરક્ષા કાજે મહિલા પોલીસ ટ્રેડીશનલ ડ્રેસમાં ગરબે ઘુમશે

નવરાત્રી ગરબા માટે યુવાનો યુવતીઓ સહિત આબાલ વૃદ્ધ સૌ કોઈ સજ્જ બને છે તેની સાથે આવારા લુખ્ખા તત્વો પણ યુવતી મહિલાઓની છેડતીઓના બનાવો પ્રતિ વર્ષ બને છે.

જેમાં દેશી વિદેશી દારૂનું સેવન કરી છાકટા બની છેડતી બાદ મારા મારીના બનાવો પણ બને છે. તે બધા પર અંકુશ રાખવા આ અંગે ખાસ ટીમ બનાવી પોલીસ તંત્ર કડક બની અસામાજિક બદીને અંકુશમાં રાખવા અને ગરબે ઘુમતી ગરવી ગુજરાતણોની છેડતી કે મશ્કરી અટકાવવાના ભાગરૂપે રોમીયોગીરી કરનારાને રોકવા મહિલા પોલીસ ટ્રેડીશનલ ડ્રેસમાં ગરબે ઘુમશે, તેમ પોલીસ સુત્રોએ જણાવ્યું હતું.

દિલ્હીગેટથી સીમલાગેટની દુકાનો રવિવારે ગુમાસ્તાધારાના નિયમમાંથી મુક્ત છે ?

પાલનપુર, તા. ૧૪

પાલનપુરમાં ગુમાસ્તા ધારાના નિયમોનું દર રવિવારે સામુહિક ઉલ્લંઘન ખુલ્લેઆમ થાય છે. તો પછી નગરપાલિકામાં ગુમાસ્તા વિભાગ શું કરે છે ? હજુ તો ગત સપ્તાહે જ આ અંગે અખબારો અને પ્રસારણ માધ્યમોના અહેવાલો પ્રસારીત થયા હતા. ત્યારે આજે રવિવારે શહેરના મોટાભાગના વિસ્તારો અંશતઃ બંધ જોવા મળેલ. જો દિલ્ગીગેટ, ગઢામણ ગેટ, કિર્તીસ્તંભ, અમીરરોડ, સીટીલાઈટ રોડ, ગુરૂનાનક ચોક, જુનાગંજ રોડ સહીત રવિવારે રજાનું પાલન કરતાં સત્તાધીશોની કામગીરીને લીધે બંધ જોવા મળેલ. ત્યારે દિલ્હીગેટથી સીમલાગેટ રોડ પર અને કેટલીક અમીરરોડ પરની દુકાનો આજે સરેઆમ ચાલુ જોવા મળી હતી. ત્યારે વેપારીઓના ચર્ચાતુ હતું કે શું નગરપાલિકાના કર્તાહર્તા, ગુમાસ્તા વિભાગની મહેરબાનીથી આ દુકાનો રવિવારે ખુલ્લી રાખી શકે છે.

આગામી દિવસોમાં તહેવારો હોવાથી તમામ વેપારીઓને ધંધો કરવો છે તો પછી કાયદો બધા માટે સરખો જ હોયને કોઈ ભેદભાવ ન હોવો જોઈએ. તેમ શહેરીજનોમાં ચર્ચાય છે. આ અંગે નગરપાલિકાના સત્તાધીશો ગુમાસ્તાના નિયમ અંગે સજાગ બની તે અંગે યોગ્ય પગલા તાકીદે ભરે તેમ શહેરવાસીઓ જવાબદારો સમક્ષ અપક્ષા રાખી રહ્યા છે.

લાખણી ગામને તાલુકાનો દરજ્જો આપ્યા બદલ મુખ્યમંત્રીનો અભિવાદન કાર્યક્રમ યોજાયો

મુખ્યમંત્રી મોદીએ કેન્દ્ર સરકાર ઉપર આકરા પ્રહારો કર્યા

ડીસા, તા. ૧૪

ડીસાના લાખણી ગામને નવીન તાલુકાનો દરજ્જો આપનાર રાજ્યના મુખ્ય મંત્રી નરેન્દ્રભાઈ મોદીનો આજરોજ લાખણી ખાતે અભિવાદન કાર્યક્રમ રખાયો હતો. આ કાર્યક્રમમાં ખાસ હાજરી આપી મુખ્ય મંત્રીશ્રી મોદીએ હજારોની માનવમેદનીનું નમ્રતા પૂર્વક અભિવાદન ઝીલી ગુજરાતને અગ્રીમ હરોળનું દેશનું નંબર વન રાજ્ય બનાવવાની નેમલીધી હતી.

લાખણી ખાતે તાલુકાના જન્મદબાદ મુખ્ય મંત્રી નરેન્દ્રભાઈ મોદીના આજરોજ રખાયેલા અભિવાદન કાર્યક્રમમાં મંત્રીશ્રી નીતીનભાઈ પટેલ, મંત્રીશ્રી લીલાધરભાઈ વાઘેલા, શંકરભાઈ ચૌધરી, ગોપાલક નિગમના ચેરમેન સંજયભાઈ દેસાઈ, મફતલાલ પુરોહીત, જીલ્લા ભાજપ પ્રમુખ કે.એસ.મોગરા સહીત અનેક ભાજપી હોદેદારો આ કાર્યક્રમમાં મુખ્યમંત્રીશ્રીને સત્કારવા હાજર રહ્યા હતા. આ કાર્યક્રમમાં હજારોની માનવમેદનીનું અભિવાદન ઝીલતા મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીએ જણાવેલ કે એક મુખ્યમંત્રી તરીકે નર્મદાના પાણી માટે કેન્દ્ર સરકાર વિરુધ્ધ ઉપવાસ આંદોલન છેડી મે કેન્દ્ર સરકારને નર્મદાના નીર માટે મજબુર કરી હતી. તેઓએ વધુમાં જણાવ્યુ હતુ કે ગુજરાતમાં દિકરીઓ ભણે અને વિકાસશીલ બને તે માટે માતાઓ મને આશીર્વાદ આપો મારે મારા જમાઈઓ માટે આશીર્વાદ નથી જોઈતા તેવા આશીર્વાદ દિલ્લીની સરકારને જોઈએ છે તેમ કહી ગર્ભીત રીતે કોંગ્રેસ પર આકરા પ્રહારો કર્યા હતા.

મારા ગુજરાતની બહેનોને તમામ ક્ષેત્રે પચાસ ટકા લાભ મળે તે માટે યોગ્ય કાયદો લાવવા મે કવાયત હાથ ધરી હતી. પરંતુ કોંગ્રેસ દ્વારા આ કાયદાનો વિરોધ્ધ કરાયો હતો. તેઓએ હરીયાણામાં થતાં બહેનો પરના અત્યાચાર મામલે કોંગ્રેસના નિવેદનની ઝાટકણી કાઢી હતી. તેઓએ કેન્દ્રીય મંત્રી પ્રકાશ જયસ્વાલને પણ આડે હાથ લઈ જણાવ્યુ હતુ કે કેન્દ્રીય મંત્રીએ મહીલાઓ માટે અપમાનજનક અને અભદ્ર કહી શકાય તેવી ટીપ્પણી કરેલ છે તે બહેનો ક્યારે માફ કરશે નહી તેવુ જણાવ્યુ હતુ.

આ પ્રસંગે મંત્રી નિતીનભાઈ પટેલે જણાવ્યુ હતુ કે, રાજ્ય સરકારની સુજલામ-સુફલામ યોજના તળે સરહદી એવા વાવ સહીતના વિસ્તારોમાં નર્મદાની નીર પહોંચ્યા છે. રાજ્ય સરકાર દ્વારા છેવાડાના આ વિસ્તારોમાં હરીયાળી ક્રાંતિ છેવાડાના આ વિસ્તારોમાં હરીયાળી ક્રાંતિ લાવા અનેકો વિકાસશીલ લેવાયેલ પગલાઓની માહીતી આપી હતી. જ્યારે રાજ્યના આરોગ્ય અને પરીવાર કલ્યાણ મંત્રી પરબતભાઈ પટેલે ગુજરાતમાં આરોગ્ય લક્ષી કામગીરીમાં ૧૦૮ મોબાઈલવાનની સેવાઓ રાજ્યના સ્વપ્ર દ્રષ્ટા મુખ્યમંત્રી મોદીને આભારી હોવાનું જણાવી અનેકવિધ આરોગ્યલક્ષી યોજનાઓની સમજ આપી હતી. જન્મ લેતી દીકરી કીલ્લોલ કરતી પોતાના ઘેર જતી જોવાનો લ્હાવો તેમજ તે યોજના વિષે તેઓએ માહીતી આપી હતી.

આ કાર્યક્રમમાં ગોપાલક નિગમ ગુજરાત રાજ્યના ચેરમેન સંજયભાઈ દેસાઈએ પોતાના પ્રવચનમાં જણાવ્યું હતું કે સમગ્ર દેશમાં એકમાત્ર ગોવંશ હત્યા માટે મોટી કાયદાકીય લડાઈ લડી મુખ્ય મંત્રી નરેન્દ્રભાઈ મોદીએ ગૌવંશ અટકાયત માટે કડક કાયદો અમલમાં લાવ્યો હતો. પશુ આરોગ્ય માટે દેશમાં એક માત્ર ગુજરાતમાં જ પશુ મેળાઓમાં આંખમાં મોતીયાથી પીડાતા પશુઓનું ઓપરેશન હાથ ધરાય છે તેઓએ કોંગ્રેસના ઘરના ઘર યોજના વિષે જણાવ્યુ હતુ કે રાજ્યમાં પીસ્તાલીસ વર્ષ સુધી સાશન ધુરા સંભાળનાર કોંગ્રેસને આટલા વર્ષોમાં ઘરનું ઘર યાદ આવેલ નથી અને સમાજમાં ગરીબ અને મજુર વર્ગના માણસને રણના મૃગજળની જેમ હવામાં ઘરનું ઘર બતાવી ફોર્મ વિતરણ કરાઈ રહેલ છે. તે ભ્રામક અને માત્ર જુઠ્ઠાણ છે તેવુ જણાવ્યુ હતુ. તેઓએ કેન્દ્ર સરકારની બીપી એલ નીતીની પણ ઝાટકણી કાઢી જણાવ્યુ હતુ કે માત્ર ૩૬ રૂપિયાની આવક ધરાવતો વ્યક્તિ જ બીપીએલ લાભાર્થી બની શકે છે તે બાબત ગરીબો અને મજુર વર્ગ માટે જીવલેણ પુરવાર થઈ રહેલ છે. જેનાથી અનેક બીપીએલ લાભાર્થી આ લાભથી વંચિત રહે છે. આ કાર્યક્રમમાં મુખ્ય મંત્રી મોદીને સાંભળવા થરાદ, ડીસા, દીયોદર સહીતના તાલુકામાંથી હજારોની સંખ્યામાં માનવ મેદની લાખણી ગામે ઉમટી પડી હતી.

(તસવીર : કાંતીલાલ લોધા, ડીસા)

હિંમતનગરના સહકારી જીન પાસેથી ૬ પશુ ભરેલું પીકપ ડાલું પકડાયું

હિંમતનગર, તા. ૧૪

સાબરકાંઠા જિલ્લાના મુખ્ય મથક હિંમતનગર શહેરના સહકારી જીન ચાર રસ્તા પરથી રવિવારના રોજ વહેલી સવારે બાતમી આધારે પોલીસ ૬ પશુ ભરેલ પીકઅપ જીપ ડાલુ પકડી પાડ્યું હતું જ્યારે ચાલક ફરાર થઈ ગયો હતો. આ અંગે હિંમતનગર ટાઉન પોલીસમથકે ફરિયાદ નોંધાઈ હતી.

વિગત મુજબ હિંમતનગર ટાઉન પોલીસે રવિવારના રોજ વહેલી સવારે બાતમી આધારે શહેરના સહકારી જીન ચાર રસ્તા પર વોચ કરી રહ્યા હતા. દરમિયાન બાતમી વાળુ પીકઅપ જીપ ડાલું નંબર-જીજે-૯-જેડ-૧૮૮૮ ને રોકવા જતા ચાલકે પોલીસને જોઈ પીકઅપ ડાલુ જીપ મુકી નાસી ગયો હતો. જેથી પોલીસે જીપ ડાલામાં તપાસ કરતા તેમાં ક્રૂરતાપૂર્વક પાણી અને ઘાસ ચારાની વ્યવસ્થા વગર રૂ. ૮ હજારની ચાર ભેસો અને રૂ. ૨ હજારના બે પાડા ભરેલ હતા. જેથી પોલીસે ૩ લાખનું પીકઅપ ડાલું જીપ કબજે લીધી હતી. આ અંગે હિંમતનગર ટાઉનપોલીસમથકે પ્રાંતિજ તાલુકાના મોયદ ગામના રૂપાજીવાસમાં રહેતા સાકાભાઈ મોડણભાઈ દેસાઈએ ફરિયાદ નોંધાવતા પોલીસે જીપ ચાલક વિરૂદ્ધ ગુનો નોંધી અબોલા ૬ પશુને ઈડર પાંજરાપોળમાં મોકલી આપ્યા હતા.

થાનના તહોમતદાર પોલીસ અધિકારી નાસતા ફરતા હોઈ તેમને ભાગેડું જાહેર કરી મિલકત જપ્ત કરવા માંગ

સુરેન્દ્રનગર, તા. ૧૪

થાનના દલિત હત્યાકાંડના વિરોધમાં ઉચિત ન્યાયની માંગણી સાથે હત્યાકાંડની તટસ્થ તપાસ માટે સીબીઆઈને સોંપવા સુરેન્દ્રનગર ખાતે કલેક્ટર કચેરી પાસે થાનગઢ દલિત હત્યાકાંડ સંઘર્ષ સમિતિ થાનગઢના ઉપક્રમે ઉપવાસ - ધરણાંનો કાર્યક્રમ તા. ૧૦મી ઓક્ટોબરના રોજ યોજવામાં આવ્યો હતો. જેમાં ખુબ મોટી સંખ્યામાં ભાઈ-બહેનો ઉમટી પડી ન્યાયની જ્યોતને જલતી રાખી હતી.

આ ધરણા દરમ્યાન બપોર પછી સંઘર્ષ સમિતિ તરફથી કલેકટરને એક આવેદનપત્ર આપી આ સમગ્ર હત્યાકાંડની તટસ્થ તપાસ સી.બી.આઈ.ને સોંપવાની માંગણી કરી જણાવાયું હતું કે હાલ જે તપાસ ચાલી રહી છે તે ડીવાયએસપી કક્ષાના અધિકારી કરી રહ્યા છે. જ્યારે આ કેસમાં બે આઈપીએસ સુપ્રિ.ઓફ પોલીસ કક્ષાના અધિકારીઓની બેદરકારીથી કોઈપણ કાર્યવાહી કર્યા વગર સીધો જ પોઈન્ટ બ્લેન્ક ગોળીબાર કરી ત્રણ નવલોહીયા દલિત યુવાનોની કરપીણ હત્યા કરી છે. તેથી આ કેસમાં ઉચ્ચ કક્ષાના પોલીસ અધિકારીઓ સામેની હોઈ, વળી આ ખૂનના ગૂનામાં સંડોવાયેલા પોલીસ અધિકારીઓ ઉચ્ચ હોદ્દાવાળા તથા મોજુદ સરકારના બે પ્રધાનોના સબંધી હોવાથી ગુજરાત પોલીસની તપાસ તટસ્થ હોઈ શકે નહીં, તેમનું વલણ હંમેશા ઉચ્ચ પોલીસ અધિકારીઓને બચાવવાનું હોય, તેથી આ કેસની તપાસ સી.બી.આઈ, મારફત કરવી જરૂરી છે. તેમજ આ ગોળીબાર કરનાર તહોમતદારો આજ સુધી પકડાતા નથી. તો તેમને ભાગેડુ જાહેર કરી તેમની મિલકત જપ્ત કરવી જોઈએ.

વળી, દલિત યુવાનોના પોઈન્ટ બ્લેકથી ખૂન કરવા છતાં ચોર કોટવાલને દંડે તેમ ગરીબ દલિત સમાજના છ નિર્દોષ યુવાનોને આઈપીસી- ૩૦૭ હેઠળ ધરપકડ કરી છે, તેને છોડી મૂકવા જોઈએ. તેમજ મૃતકોના પરિવારને ઓછામાં ઓછી ૧૫ લાખની સહાય કરવી જોઈએ અને પાંચ પાંચ એકર ખેતીની જમીન ફાળવવી જોઈએ તથા ઘાયલ યુવાનોને રૂ.બે-બે લાખની સહાય કરવી જોઈએ. આ પ્રસંગે યોજાયેલા કાર્યક્રમમાં પૂર્વ કેન્દ્રીયમંત્રી યોગેન્દ્રભાઈ મકવાણા, વાલજીભાઈ પટેલ, ઉત્કર્ષ મંડળના લડાકુ આગેવાન ડો.નીતિન ગુર્જર, આંબેડકર દલિત પરિષદના ભાનુભાઈ પરમાર, 'દિશા' પાક્ષિકના તંત્રી મૂળજીભાઈ ખુમાણ, હરિશભાઈ ચાવડા, પી.જી.પરમાર, ભલજીભાઈ સોલંકી વગેરેએ પ્રાસંગિક પ્રવચનો કર્યા હતા. જ્યારે સાંજે ઢળતી સંધ્યાએ સંઘર્ષ સમિતિના યુવાન પ્રમુખ-એડવોક્ટ ચાવડાએ સૌના સહકાર બદલ આભાર માન્યો હતો.જ્યારે ગુજરાતના જાણિતા કવિ શંકર પેન્ટરે થાનના દલિતોની પીડા વ્યક્ત કરતા કાવ્યો રજૂ કરતાં વાતાવરણ વધુ ગમગીન બન્યું હતું.